# શહેરી વિકાસ

ગુજરાતમાં આજે અભુતપૂર્વ ઔધોગિક વિકાસ સાથે શહેરીકરણની ગતિવિધિ રહેલ છે. ગુજરાતની સ્થાપના સમયે અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત સિવાય રાજ્યની 70% વસ્તી ગ્રામ્ય વિસ્તારોમાં વસાહત કરતી હતી.

આજે રાજ્યની 50% વસ્તી શહેરી વિસ્તારોમાં વસવાટ કરે છે. આગામી વર્ષ-2047 સુધીમાં એક અંદાજ પ્રમાણે રાજ્યની 75 ટકા વસ્તી શહેરોમાં વસવાટ કરતી હશે. આપણા આદરણીય નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ તેમના અંદાજપત્રિય સંભાષણમાં કહ્યું એમ, શહેરો લોકો માટે વસવાટના જ નહીં પરંતુ આર્થિક વિકાસના કેન્દ્રો છે. શહેરોના આયોજનબધ્ધ વિકાસ દ્વારા લોકોના **is of living** માં વધારો કરવા સરકાર દ્રઢ નિશ્ચય છે.

શહેરી વિકાસ માટે રસ્તા, પાણી, સુએજ ની માળખાકીય સગવડો સાથે પ્રદૂષણ નિયંત્રણ અને પ્રાકૃતિક "**કોવીડ**" જેવી આપદાઓના પડકારો જીલી, પર્યાવરણની જાળવણી સાથે સસ્ટેનેબલ ડેવલપમેન્ટ જરૂરી છે.

આપણા પ્રત્યેક શહેરોમાં તેમની સાંસ્કૃતિક ધરોહર પણ **હેરિટેજ વેલ્યુ** તરીકે સચવાયેલી રહી છે. આ હેરિટેજની જાળવણી તથા પ્રજાજનોના આનંદપ્રમાદના સ્થળો અને સગવડોનો વિકાસ પણ એટલો જરૂરી છે.

આ વખતના બજેટમાં રાજ્યની ભાજપા સરકારે એક ઐતિહાસિક નિર્ણય લઈને ગાંધીધામ, મહેસાણા, મોરબી, સુરેન્દ્રનગર-વઢવાણ, આણંદ, વાપી, નવસારી જેવા શહેરોને પણ મહાનગરપાલિકા નો દરજ્જો આપવા જઈ રહી છે. ત્યારે શહેરી વિકાસ માટે બજેટની પૂરતી ફાળવણી એક અગત્યની બાબત બની રહી છે.

સરકારશ્રીએ આ વખતના બજેટમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ માટે **રૂ. 21,696 કરોડ**ની જોગવાઈ કરી છે.

- ➔ શહેરી વિસ્તારમાં માળખાકીય સુવિધાઓ વધારવા **સ્વર્ણિમ જયંતિ શહેરી વિકાસ યોજના થકી 8,634 કરોડની જોગવાઈ** કરવામાં આવી છે.

- ➔ શહેરી સ્થાનિક સંસ્થાઓને નાણાકીય સહાય પૂરી પાડવા **3041 કરોડની જોગવાઈ** કરાઈ છે.
- ➔ **AMRUT 2-0 યોજના** હેઠળ પાણી પુરવઠા, ડ્રેનેજ, તળાવના વિકાસ, પરિવહન વ્યવસ્થા વગેરે માટે **2000 કરોડની જોગવાઈ** કરવામાં આવી છે.
- ➔ અમદાવાદ અને સુરતના મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે **1800 કરોડની જોગવાઈ** કરવામાં આવી છે.
- ➔ 15 માં નાણાકીય પંચ અન્વયે શહેરી વિસ્તારના વિકાસ કાર્યો માટે **1349 કરોડની જોગવાઈ** કરવામાં આવી છે.

આ ઉપરાંત પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) હેઠળ **શહેરી ગરીબોને ઘર આપવા 1323 કરોડની જોગવાઈ, રેલવે ક્રોસિંગ મુક્ત શહેરી વિસ્તારો બનાવવા ઓવરબ્રિજ / અન્ડરબ્રીજ બાંધવા 550 કરોડની જોગવાઈ, સ્વચ્છ ભારત મિશન અને નિર્મળ ગુજરાત 2.0 હેઠળ પ્રવાહી તથા ઘન કચરાના યોગ્ય વ્યવસ્થાપન માટે 545 કરોડની જોગવાઈ, મોડેલ ફાયર સ્ટેશનો વિકસાવવા તથા નવા સાધનો સાથે આધુનિકરણ માટે 69 કરોડની જોગવાઈ,**

અને આ તમામ માળખાકીય સુવિધાઓનો ઇન્ફોર્મેશન ટેકનોલોજી ની મદદથી અસરકારક અને પારદર્શક અમલ કરવા માટેની રાજ્ય સરકારની નેમ ખૂબ જ આવકારદાયક છે.

અત્રે એ નોંધવું ઘટે કે, જ્યાં કેન્દ્રની યુપીએ સરકાર તેના કુલ બજેટમાંથી આંતર માળખાકીય સુવિધાઓ માટે 1.1% ખર્ચ કરતી હતી, ત્યાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના નેતૃત્વ હેઠળની ભાજપા સરકાર આ વર્ષે કુલ બજેટના 3.4% માળખાકીય સુવિધાઓ પાછળ ખર્ચ કરવાની છે. **11 લાખ 111 હજાર 111 કરોડ રૂપિયા** જ્યારે કેન્દ્ર સરકાર માળખાકીય સુવિધાઓ માટે ખર્ચવાની હોય, ત્યારે તેનો ઘણો મોટો લાભ શહેરી વિસ્તારોને અને તેમાંય 50% શહેરી વિસ્તાર ધરાવતા ગુજરાત રાજ્યને ખૂબ થવાનો છે, એમાં શંકા ને સ્થાન નથી.

**નોંધ - નીચેની વિગત ઉમેરવા જેવી લાગે તો ઉમેરવી કારણકે આમાં થોડુંક રાજકીય જોડાણ છે એટલે.**

આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈએ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે વર્ષ 2001 માં શપથ લીધા ત્યારે ગુજરાતમાં શહેરી વિકાસ એક મોટો પડકાર હતો.

અમદાવાદની જ વાત કરીએ, તો અમદાવાદ શહેર વિકસિત પશ્ચિમ અમદાવાદ અને વિકાસની સુવિધાઓથી વંચિત પૂર્વ અને દક્ષિણ અમદાવાદ હતું. અવારનવાર અપૂરતી ડ્રેનેજ સુવિધાઓ, માળખાકીય રોડ, રસ્તા, પાણી, આરોગ્યની સુવિધાઓના અભાવને લીધે પૂર્વ અમદાવાદના નિવાસીઓને રોગચાળાનો સામનો કરવો પડતો હતો. એક જ શહેરમાં વસ્તીનો મોટો ભાગ **સેકન્ડ ક્લાસ સિટીઝન** ની જેમ રહેવા મજબૂર હતો.

તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ ની દુરંદેશી દ્રષ્ટિના લીધે ગુજરાતના ગ્રામ્ય વિકાસ સાથે શહેરી વિકાસ સમતોલ અને ઝડપી બન્યો. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હોય કે સાબરમતી રિવરફ્રન્ટ, કાંકરિયા લેક ફ્રન્ટ ડેવલપમેન્ટ, ફ્લાયઓવર થી શોભતું સુરત કે આધુનિક રોડ રસ્તાઓ થી જળહળતું બરોડા કે કાયમી રીતે રાજકોટ શહેરની પાણીની તંગીનો ઉકેલ લાવવાનું કાર્ય હોય કે AIIMS મેડિકલ કોલેજ તથા હોસ્પિટલ ની શરૂઆત હોય....

અને પ્રધાનમંત્રી ના કાર્યકાળની શરૂઆત પછી શ્રી નરેન્દ્ર ભાઈ મોદી દ્વારા **AMRUT મિશન-ATAL MISSION FOR REJUVENATION AND URBAN TRANSFORMATION......** દ્વારા દેશના મેગા સીટી સહિત **TWO TIRE કે THREE TIRE CITY** ના કાયા કલ્પ માટે જે અભૂતપૂર્વ આર્થિક આયોજનો થયા છે તે **“ન ભુતો ન ભવિષ્યતી”** જેવા ઐતિહાસિક અને અવિસ્મરણીય છે.